# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં. મા-૨/૨૦૨૬/ 6408 તા. ૦૮/૦૫/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક શાળાઓ તમામ
જિ.સુરત.

આ સાથે સામેલ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, ૪/૨, ડૉ જીવરાજ મહેતા ભવન, ગુ.રા. ગાંધીનગરનો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૫/૨૫-૨૬/૭૬૧-૬૨ તા. ૦૬/૦૫/૨૦૨૬ નાં પત્ર અન્વયે જાણ તથા અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ: ઉક્ત પત્રની નકલ

નં.અજાક/ગ-૧/૫/૨૫-૨૬/ ૧૬૧-૬૨
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail:dd1-dscw@gujarat.gov.in
તા.૯ / ૩ /૨૦૨૬

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર

વિષય:- વર્ષ:૨૦૨૨-૨૨૩ થી વર્ષ:૨૦૨૪-૨૫ સુધીની અનુ.જાતિના વિદ્યાર્થીઓની કેંદ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની કામગીરી બાબત

સંદર્ભ: ૧) કેંન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૨૧/૦૮/૨૦૨૫ના પત્રનં: K-11017/8/2025-SCD-V

૨) કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના DO K-11017/8/2025-SCD-V Dated:12-09-2025

3) કેંન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તા:૧૪/૧૦/૨૦૨૫ના પત્રનં: CMS/GOI/2025/47936

૪) કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૦૬/૧૧/૨૦૨૫ના પત્રન: K-11036/6/2021-SCD-V

૫) કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૧૬/૧૨/૨૦૨૫ના પત્રન: K-11017/8/2025-SCD-V

સવિનય ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્રો અન્વયે જણાવવાનું કે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની કેન્દ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ **Digital Gujarat Portal** પર શાળાઓ મારફત ઓનલાઇન દરખાસ્તો/અરજીઓ મંગાવી કરવામાં આવે છે. આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા તમામ શાળાઓને શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ માસવાર કરવાની થતી કામગીરીનું આયોજન આપવામાં આવે છે અને કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં સદર્ભિત પત્ર: ૧ થી ૪થી કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગએ કેંદ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની પડતર કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવેલ હતુ. જેમ કે વર્ષ:૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ની કામગીરી તા:૩૦/૧૧/૨૦૨૫ સુધીમાં તથા શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ની કામગીરી તા:૩૧/૧૨/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવા જણાવેલ.

હાલ સંદર્ભિત પત્ર:૫ મુજબ કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગએ અગાઉ જે સમયમર્યાદા આપેલ હતી તે લંબાવી હવે વર્ષ:૨૦૨૨-૨૩, વર્ષ:૨૦૨૩-૨૪ તથા વર્ષ:૨૦૨૪-૨૫ની કેંદ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી તા:૩૧/૦૩/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવા જણાવેલ છે. ચાલુ વર્ષ કેંદ્ર પુરસ્કૃત યોજનાઓનું *Terminal* વર્ષ હોય જુના વર્ષોની કામગીરી પણ તાત્કાલિક પૂર્ણ કરવાની થાય છે.

આમ શાળાઓને પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા સૂચનાઓ આપવી જરૂરી બને છે. જેથી ઉક્ત વર્ષોમાં જો કોઇ પણ અરજી વેરીફાઇ કરી આગળ કાર્યવાહી અર્થે મોકલી આપવાની બાકી હોય તો તાત્કાલિક મોકલી આપવા બાબતે આપના તાબા હેઠળના તમામ આચાર્યશ્રીઓને આપની કક્ષાએથી તેમજ આપના જિલ્લાકક્ષાના અધિકારીશ્રીઓ મારફત જરૂરી સૂચનાઓ અપાવવા વિનંતી છે. સદરહું કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવાની હોય જરૂરી સૂચનાઓ સત્વરે આપવા વિનંતી છે. ઉક્ત બાબતે ઉચ્ચકક્ષાએથી રીવ્યુ થતો હોય ટોચ અગ્રતા આપવા વિનંતી છે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

<u>નકલ સવિનય રવાના:</u>

- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી